

રમેશ ઠક્કર



# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

એક મારો વરસાદ, એક તારો વરસાદ
અને પેલો વરસાદ જરા નોખો
સૌ સૌનાં હૈયામાં સૌનો વરસાદ લઈ
જોને વહેતા જાય લોકો
મારા વરસાદને લાગે જો એકલું
તો તારો વરસાદ જરી આપશે ?
પાછો દેતાં એને રાખી લઉં થોડો
તો કેટલો લીધો તે કેમ માપશે ?
વરસાદી આપ-લેના ભીના સંબંધનો
જો જે વહી ન જાય મોકો....
મારો વરસાદ ઝૂલે જાંબલિયા ઝૂલણે
તારો વરસાદ રંગ રાતે
એક પછી એક રંગ રસ્તા ઓળંગીને
વળગીશું લીલેરી વાતે
આપણું એ મેઘધનુ એવું તો ઝૂલશે
કે વાદળાંય કહેશે કે 'રોકો'

- મનોજ્ઞા દેસાઈ

## પાથેય

### સ્મૃતિઓની ચુભન..!

આકાશ આજકાલ અનરાધાર છે.જળ એ જીવનનો આધાર છે.વરસાદ સંજીવની છે.એના સ્પર્શમાત્રથી ધરતી નવપલ્લવિત થઈ જાય છે.યાદોને અને વરસાદી માહોલને ગજબ તાલમેલ હોય છે.ભીની યાદો અને ભીંજવતો માહોલ માણસને ભૂલી બિસરી યાદો તરફ લઈ જાય છે..આજે જરીક અંગત વાત કરી લેવાનો મૂડ છે..આવી જ એક વરસાદી સાંજે લખાયેલી ડાયરી યાદ આવી ગઈ..યાદો હંમેશાં તાજી હોય છે..વરસાદી માહોલ એને ભીનાશ આપી જાય છે..આવી જ એક વરસાદી યાદ..

વહેલી પરોઢે બારીની બહાર જોયું તો વરસાદ પુરબહારમાં વરસી રહયો હતો..વર્ષો પહેલાં કેવડીયા કોલોનીના એકલવાયા કવાર્ટરમાં આ જ રીતે પ્રભાતે વર્ષાની હેલી હું નિહાળતો..આજુબાજુ નર્મદાનો નયનરમ્ય નજારો મનભરીને જોવા મળતો..ચડતી યુવાનીના દિવસો હતા..રાજપીપળામાં નવી જ આવેલી "નિકાહ" ફિલ્મ જોઈ હતી..શબ્દો ગુંજતા હતા.."હવા ભી હૈ જરા જરા..ફીજા ભી હૈ જરા જરા..સુના રહા હૈ યે શમા સુની સુની સી દાસ્તાં.."


ઓહ સ્મૃતિઓની ચુભન પણ કેવી હોય છે ! પણ આજે સવારે નજર સામે મહીસાગરનો મનભાવન ઉઘાડ હતો..આજે કોઈ ગીતનો ગુંજારવ ન હતો ખળખળ વહેતી વરસાદી ધારાઓનો મધુર ધ્વનિ હતો..વરસાદ એ માણસજાતને ટકી રહેવા માટેનો આશાવાદ છે..વરસાદ ના ગમતો હોય એવો કોઈ માણસ હોઈ શકે? મારી ચોપાસ એક નદીનું ભીનું આવરણ છે..એ ભલે છે નદી પણ કહેવાય છે સાગર...

મહીસાગર એક મા છે..હા ખરેખર અહીંના લોકો એને એ જ રીતે પૂજે છે. એના પાલવમાં એટલે કે એની આસપાસના પરિવેશમાં એક શાતા છે, હુંફ છે..અમારા જેવા બહારથી આવેલા સંતાનોને પણ મહીની ગોદમાં વ્હાલભર્યું આસન મળે છે..વહેલી સવારે તાજા વરસાદથી તૃપ્ત થયેલી ધરતી અભિસારિકા જેવી લાગતી હતી..આસપાસની વનરાજી એક નવા લૂક સાથે આકર્ષક લાગી રહી હતી..વનરાજીને જાણે કે કેફ ચડયો હતો આહલાદક ભીનાશનો...

મને આમ નિરૂદ્દેશે લટાર મારવી ગમે છે..બહારથી ભલે ટીપટોપ લાગતો હોઉં પણ મારી મુળ પ્રકૃતિ રખડુની છે..સીમનો શણગાર મને ગમે છે..વગડાનું વરણાગીપણું મને આકર્ષે છે..ખેડાયેલું ખેતર મને અમર આશાના પ્રતિક જેવું લાગે છે...કોઈ એકલદોકલ પગદંડી એ જયારે હું ચાલતો હોઉં છું ત્યારે મારા દુન્યવી લિબાશને લગભગ દેશવટો આપી દેતો હોઉં છું..મારી પાસે થોડાઘણા શબ્દોની સામગ્રી છે..પણ ભરપુર આશાવાદ છે..લખવાની થોડીક ચાનક છે બસ આટલી મૂડી પર ભીનાશમય આવરણથી લપેટાયેલી ભૂમિના ભાવોને ગુંથવા મથામણ કરૂં છું..વહેતી મહીને શબ્દબધ્ધ કરવી મુશ્કેલ કામ છે.

# ગુરુ પૂર્ણિમાના પાવન પ્રસંગે સર્વે ગુરૂજનોને પ્રણામ સહ

ગુરુ મિલા તો સબ મિલા,
નહીંતર મિલા ન કોઈ ;
માત- પિતા સુત બાંધવા,
વો તો ઘરો ઘર હોય..




મિત્રો, સામાન્યત: આપણી પરંપરા બે ગુરુઓની રહી છે એક કુળગુરુ (શ્રદ્ધા ગુરુ) અને બીજા વિદ્યાગુરુ ( શિક્ષા ગુરુ).આજના આ ભૌતિક સમયમાં આ બંને ગુરુ પરંપરામાં લૂણો લાગી રહ્યો છે. આજથી ત્રણ-ચાર દાયકા પહેલાનો સમય એવો હતો કે મોટાભાગના વ્યક્તિને પોતાના કોઈ કુળગુરુ હોય અને તેમણે તેને કોઈ કંઠી, દોરો બાંધ્યો હોય.હા કદાચ આ કુલગુરુ શાસ્ત્રોના પારંગત ન પણ હોય, છતાં જીવ,જગત,ઈશ્વર કે માનવીય અભિગમના મૂળને પામેલ હોય,અર્થાત્ શ્રદ્ધાગુરુ હોય.બીજા ગુરુ તે વિદ્યા ગુરુ.આજે વિદ્યાગુરુની પરંપરા પણ લુપ્ત થઈ રહી છે,કેમ કે આપણે વિદ્યાગુરુની વિભાવના ભૂલી કહેવાતા સિલેબસ ગુરુ( ફેકલ્ટી) કે માહિતી ગુરુનો સ્વીકાર કર્યો છે. હવે માહિતી એ જ્ઞાન નથી તે યાદ રાખવું રહ્યું. તેમજ જ્ઞાન,વિજ્ઞાનથી ઉપર છે એ બરાબર સમજી લેવું રહ્યું. માટે જ ગીતા કહે છે કે જ્ઞાનેન સદશં પવિત્રમિહ વિદ્યતે ।। આ જગતમાં જ્ઞાન જેવું પવિત્ર બીજું કંઈ નથી.અર્થાત્ આપણે જ્ઞાન અને તે આપનાર ગુરુની વિભાવના જ ભૂલી રહ્યા છીએ..



પ્રસંગસર
પ્રા. વનરાજસિંહ જાડેજા

અત્રે ઉલ્લેખનીય છે કે ભારતવર્ષની આ બે ગુરુ પરંપરાને કારણે ભારતીય શાસ્ત્રો (જ્ઞાન વિજ્ઞાન) અને તે આધારિત સાંસ્કૃતિક, નૈતિક સમાજ રચના ટકી રહી હતી,પરિણામે શારીરિક-માનસિક રોગમુક્ત સમાજ જોવા મળતો હતો. આજે આ પરંપરા છોડવાને કારણે પરિસ્થિતિ શું છે તેનો અનુભવ આપણને,સૌને છે જ..સાથે સાથે આજે કહેવાતા શ્રદ્ધાગુરુની ભૂમિકા પણ વિચાર માંગી લે તેવો વિષય છે એ સ્મરણ સાથે..

આપણી પ્રાચીન પદ્ધતિ,ગુરુ -શિષ્ય ને આશ્રમ પરંપરા. ગુરુ બોલને શિષ્ય શ્રવણ કરે.આપણે જાણીએ છીએ કે ભારતમાં લિપિઓનો વિકાસ થયેલો હતો,છતાં લેખન સામગ્રીના અભાવે લેખિત સ્વરૂપે શાસ્ત્રો આપણાં સુધી પંહોચાડવા કઠિન બન્યા.પરિણામે મુખ પાઠ પરંપરાથી આપણાં સુધી શાસ્ત્રો પહોંચ્યા.ને વાત પણ સ્વીકૃત છે કે "ગરથ ગાંઠે ને વિદ્યા પાઠે". ગુરુ શિષ્યની આ પરંપરામાં 'પાત્રતા - લાયકાત બંને પક્ષે ખૂબ જ અગત્યના હતા' ને વળી ઉપનિષદ પ્રથા. ઉપ + નિ + સદ to near sit dawn. નજીક બેસીને મેળવવાની વિદ્યા. અહી શિક્ષણનો ભાવ (Heart) સાથે, સમષ્ટિ સાથે સંબંધ હતો. આમ પણ શિક્ષણ એ Eye contect નો વિષય છે. જેમા આંખું શરીર આદાન- પ્રદાન, આપ- લે કે વાત કરતું હોય છે.પણ આજે સ્માર્ટ કલાસ ઓન લાઈન એજયુકેશન.??(જો કે ઓન લાઈન શિક્ષણની અસરો એક જુદો ને ખૂબ મોટો ચિંતાનો વિષય છે.)

છાંદોગ્ય ઉપનિષદમાં અશ્વપતિને વૈશ્વાનર વિદ્યાનું જ્ઞાન આપે છે. યાજ્ઞવલ્કય વારંવાર એવું કહે છે કે ભણાવ્યા સિવાય વળતર (પૈસો) ન લેવાય.એટલું જ નહીં આપણે ત્યાં તો પ્રશ્ન ઉપનિષદ છે. છ શિષ્યો ગુરુ પિપ્લાદ ઋષિને જુદા જુદા પ્રશ્ન પૂછે છે, ગુરુ ઉત્તર આપે છે, વળી કહે છે કે આટલું હું જાણું છે ,વધારે જાણવું હોય તો પેલા ગુરુ પાસે જા. કોઈ નાનપ નહીં, ઘમંડ નહીં.ગુરુ એટલે વિશાળતા. અર્થાત્ વિદ્યાર્થી પૂછતો ભલો ને શિક્ષક ઉત્તર આપતો ભલો. પૂછે પંડિત થવાય. આ ભાવના હતી ને આજે..!?

આજના સમયે આ શિક્ષાગુરુ માટે કહી શકાય કે ,શિક્ષક માટે નિયમ કરતા નિષ્ઠા વધારે મહત્ત્વની છે,પરંતુ આજની સામાજિક,આર્થિક,શૈક્ષણિક પરિસ્થિતિ એવી છે કે શિક્ષકની નિષ્ઠાનું બાષ્પીભવન થઈ જાય. જ્યાં જુવો ત્યાં મૂલ્યોનું ધોવાણ થતું હોય ત્યારે શિક્ષકનું તત્ત્વજ્ઞાન શા કામનું.? એવો પ્રશ્ન પ્રામાણિક શિક્ષકને થાય છે. વળી નવી આર્થિક નીતિના સ્વીકાર પછી વૈશ્વિકરણની હવામાં બજારના પરિબળોએ શિક્ષણ ઉપર આધિપત્ય જમાવ્યુ.તેથી શિક્ષણ મૂલ્ય કેન્દ્રી મટી અર્થ કેન્દ્રી બન્યું. આથી અભ્યાસક્રમ જીવનક્રમ ન બનતા અર્થક્રમ બન્યો. સરવાળે pass અને નોકરી કે આજીવિકાની ઉતાવળમાં શિક્ષણનો અને માનવ ઉત્કર્ષનો મૂળ હેતુ ઊંધો વળ્યો.પરિણામે "વર્ગ એ સ્વર્ગ છે " ભૂલાયું. વળી આજના શિક્ષણને આધ્યાત્મિક આયામ નથી..આ પરિસ્થતિમાં ટકી રહેવું મુશ્કેલ છે, પણ ટકી રહેવું હોય તો 'શિક્ષણનો મર્મ પામવો પડે.' દશરથ ગુરુ વસિષ્ઠ પાસે જાય છે, વસિષ્ઠ દશરથ પાસે નહીં. શિક્ષક હોવું તે વરદાન છે,કેમ કે, જોમ, જુસ્સો, સાહસ, શોર્ય, સંયમ, ધીરજ, નિષ્ઠા, પ્રમાણિકતા, વગેરે એના નામ સાથે જોડાયેલા છે.

ત્રીજી બાજુ સ્પર્ધાત્મક શિક્ષણ હાવી થયું. માહિતીની ભરમાર. સ્પર્ધાથી ગુણવત્તા પ્રાપ્ત થાય એ કદાચ સાચું માનીએ તો પણ સ્પર્ધા એ જીવનનો આધાર નથી. જીવનનો આધાર છે સહકાર, સહયોગ. એ વિસરાયું. આ બધી પરિસ્થિતિમાં આપણે જીવનનો - જ્ઞાનનો મર્મ પામવો હશે તો વિદ્યા કે જ્ઞાનને માહિતીથી ઉપર સમજીશું તો જ ગુરુની પૂર્ણિમા પામીશું....!

ને છેલ્લે દરેક કહેવાતા શિક્ષિત ફેમિલી (પરિવાર નહીં હો..) ને પોતાનો એક ફેમિલી ડોકટર છે ,ફેમિલી ઝ.છ. છે, ફેમિલી એડવોકેટ છે, અરે એકાદ ફેમિલી પોલીસમેન પણ હોય શકે છે.પરંતુ, કિન્તુ,લેકિન એક 'ફેમિલી ગુરુ નથી' આ દેહના સુખ માટે બધી વ્યવસ્થા છે પણ દેહની અંદર રહેલા જીવાત્મા (નિજાનંદ...) માટે કોઈ વ્યવસ્થા નથી. આ અંગે બંધ આંખે ગંભીરતાથી વિચારવું રહ્યું. ખેર

યમ - નચિકેતા,સત્યકામ-જાબાલ, જનક-યાજ્ઞવલકય, દ્રોણ-અર્જુન, કૃષ્ણ -સાંદિપની ,રામકૃષ્ણ -વિવેકાનંદ, મોરાર સાહેબ - રવિસાહેબ, ખીમ સાહેબ - ત્રિકમસાહેબ જેવા 'સમરસ'ના સંતો કે રાજચંદ્ર -ગાંધીજી જેવી ગુરુ શિષ્યની વિશાળ પરંપરા સાથે.. ગુણાતીતાનંદ - ભગત મહારાજ -શાસ્ત્રી મહારાજ - યોગી મહારાજ - પ્રમુખ સ્વામી ને મહંત સ્વામી..વગેરે અનેક ગુરુઓને સ્મૃતિ વંદના સાથે...

ગુરુજી ઐસા કીજીયે ,
જૈસે પૂનમ કા ચાંદ ;
તેજ કરે પણ તપે નહીં ,
ઉપજાવે આનંદ..!
આપ સૌને ગુરુ પૂર્ણિમાની શુભકામના..

# વારતા સમજી અમે થોડુંક મલકાતાં રહ્યાં, ને અહીં નાટકની માફક અંક બદલાતાં રહ્યાં

સેંકડો ઝરણાં, એક એક કરી ભેગા મળે ત્યારે
સરિતાય સર્જાય...!
અધૂરી ઈચ્છાઓ કાગળ પર સભા ભરે
ત્યારે કવિતા સર્જાય...!
રંગમંચ પર જીવનના અનેક પ્રસંગો શબ્દો અને
હાવભાવની માળા રચે
ત્યારે સર્જાય નાટક...!

નાટક હોય કે ફિલ્મ એ તમામ આપણી જિંદગીમાં બનતી અવનવી ઘટનો પરથી જ પ્રેરિત હોય છે. આજકાલની ફિલ્મોમાં ધૂમ ખર્ચ કરીને ફોરેન લોકેશનમાં શૂટિંગ કરવામાં આવે છે. ઘણીવાર આ પ્રકારની ફિલ્મો જોઈને તે હકીકતથી ખાસ્સી દૂર હોય તેમ જણાય છે. અમુક ફિલ્મોમાં અસલ જિંદગીની જેમ જ આપણી જિંદગીમાં ચાલી રહેલા પ્રશ્નો દર્શાવાય છે અને તે પ્રકારની ફિલ્મો વાસ્તવિકતાથી નજીક હોય છે. પણ વાત જયારે નાટકની કરીએ તો પરિસ્થિતિ તદ્દન જુદી જણાય છે. રૂબરૂ પ્રેક્ષકોની સામે જ ભજવાતા નાટકમાં પ્રેક્ષકો અને કલાકાર વચ્ચે સીધો સંપર્ક જળવાતો હોય તેમ જણાય છે. નાટકના અનેક પ્રકારો છે. નાટકનો એક સુવર્ણકાળ પણ રહ્યો છે. આજે પણ નાટક જોવા અને માણનારો એક આખો વર્ગ છે. કોઈએ ખરું કહ્યું છે કે, ''નાટકમાં સૌથી અઘરું પાત્ર મૂર્ખનું હોય છે અને તે ભજવનાર બહુ જ હોશિયાર હોય છે!!'

ગુજરાતી નાટક, તેમાં ભજવાતા પાત્રો, તેની રજૂઆત આ તમામમાં સમય જતાં ખુબ સુંદર ફેરફારો થયા છે. નાટક જોનારો એક ખાસ વર્ગ સમયની વ્યસ્તતા કે નાટકના ગણતરીના શૉઝ હોવા છતાં નાટકને માણે છે. એક કલકારા માટે પ્રેક્ષક કે દર્શન કે કદરદાન તેના વળતરરૂપે મળતા વેતન કરતાં પણ વધુ મહત્ત્વના હોય છે. નાટકના કલાકારના મનના ભાવ કંઈક આ પ્રકારના હોય છે :

"નાટક પૂરું થયું"
તાળીઓનો ગડગડાટ થયો.
ધીરે ધીરે પડદો પડી ગયો છે.
જે પ્રશ્નો સાથે લોહીનો સંબંધ લાગતો હતો તે અચાનક
ધીમે ધીમે ઓડીટોરિયમ છોડીને જઈ રહ્યા છે...
કોણ જાણે કેમ, પણ એ મને ગમતું નથી.
બેક સ્ટેજના માણસો ઉતાવળે બધું સમેટવા
લાગે, અને સેટવાળાના માણસો સેટને હટાવા લાગે...
આ દેશ્ય મને ભૂકંપ થયા પછીના
ઉજ્જડ નગર જેવું ભાસે છે..
બધા કલાકારો એકબીજાને જાણે ઓળખતા જ
ના હોય એમ એક પછી એક ઉતાવળે સ્ટેજની
બહાર નીકળી જાય છે...
ત્યારે મને માણસ ખૂબ જ સ્વાર્થી લાગે છે.
ગ્રીન રૂમમાં જઈને હું પણ મારા હાવભાવ ઉતારી નાખું છું.
અને પછી હું યે... બહાર નીકળી જાઉં છું.
જે વિસ્તાર નાટક પહેલા ભરેલો અને ખીચોખીચ હતો
તે હવે તદ્દન નિર્જન ટાપુ જેવો લાગે છે.
કોઈ દેખાતું નથી.
હું આગળ ચાલવા માંડુ છું
એક રિક્ષાવાળો પાછળથી બૂમ 'કહાં જાના હૈ ?'
અને હું અચાનક એને કહું છું 'જિંદગી તરફ'
એ હસીને એની રિક્ષા હંકારી મુકે છે.
હવે આ સાચું હતું કે નાટકમાં બોલાતો
સંવાદ હતો એ ખબર નથી...
પણ મને એ નાટકમાં બોલાતા 'ઉછીના સંવાદો'
મારા પોતાના લાગતા હતા.
હવે આ દુનિયા સાચી કે નાટકની ?
એ ખબર નથી.
પણ હું ચાલ્યા કરું છું...
મારી નાનકડી કોસ્ચ્યુમની બેગ લઈને ખબર નથી
શું કામ.
કદાચ જિંદગીની શોધમાં
કદાચ નાટકની શોધમાં.'



WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

અમદાવાદમાં અત્યારે એક સુંદર મજાનું નાટક ધૂમ મચાવી રહ્યું છે જેનું નામ છે યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ પાડાની પોળ' સૌમ્ય જોષી એ ગુજરાતી નાટકનું એક મોંઘામોલું આભૂષણ છે અને તેમના દ્વારા જ લખાયેલું, અને તેમનાં જ દિગ્દર્શન અને સંગીતબદ્ધ થયેલું આ નાટક પોળની એક ડોશીના સ્ટેટ્સ જવાના સપનાની આસપાસ ગૂંથાયેલું છે. આ નાટકની વિશેષતા એ છે કે કોઈ મોટા સેટ્સ, કોસ્ચ્યુમ્સ (વેષભૂષા) વગર સાવ સાદી-સીધી અને સરળ રજૂઆત છતાં આ નાટક ગુણવત્તાની સર્વોચ્ચ શિખરનો અહેસાસ કરાવતું દીસે છે.પોળનું ઐક્ય, ડોશીનો ટીપીકલ અમદાવાદી લહેકો અને પ્રત્યેક કલાકારનું ૧૦૦% એક્સપ્રેસીવ પ્રસ્તુતિ નાટકની શોભામાં ચાર ચાંદ લગાવી દે છે, અને નાટકમાં જે ડોશીનું કિરદાર નિભાવી રહી છે તે જિજ્ઞા વ્યાસની અભિવ્યક્તિના તો તમે પ્રેમમાં ન પડો તો નવાઈ ! ડોશીની બે-ત્રણ વાતો જેમ કે જમતી વખતે મોબાઈલ અડે તો નિરમા પાવડરથી પીરસેલી થાળી ઘસી કાઢવી ! બે દિવસ સતત આવું કરો એટલે ત્રીજે દિવસે આપોઆપ મોબાઈલ બાજુમાં મૂકાઈ જ જાય!' ઉંમરથી વૃદ્ધ પણ હિંમત, તાકાત, મનોબળ અને યુવાન એવી આપણી આ ડોશી કહે છે કે, 'જમતી વખતે બીજો કોઈ વિચાર મનમાં ના હોવો જોઈએ, ખાલી એટલું જ હોવું જોઈએ કે દુનિયા જાય તેલ પીવા મારે હવે ખાવું છે !'' જિજ્ઞા વ્યાસ જેવી સુંદર યુવાન અભિનેત્રી જીન્સ, કુર્તીમાં ડોશીનો અભિનય કરે ત્યારે માત્ર અને માત્ર તેના ચહેરાના હાવભાવથી તમે તેનામાં ડોશીને જોઈ, અનુભવી અને સાંભળી શકો. મૌસમ, મલ્કાનો સુંદર કંઠ, પ્રેમ ગઢવી (૧૦૨ નોટ આઉટ ફેઈમ) ની વૈવિધ્યસભર રજૂઆત અને માત્ર એક જ કલાકમાં હસાવી હસાવીને લોથપોથ કરી દેનારા આ નાટકને જો સમય અને અનુકૂળતા હોય તો જોવાનું ચૂકશો નહિ ! Bool my Show પરથી તેની વિગતો તમે આસાનીથી મેળવી શકો છો ! પ્રેમ ગઢવી તેમજ જિજ્ઞા વ્યાસ નાટકમાં એકથી વધુ પાત્રોના ડાયલોગ્સ પ્રસ્તુત કરે તેમ છતાં ખૂબ જ સરળતાથી તમે દરેકે દરેક પાત્રને અલગ અલગ રીતે માણી શકો એ કલાકારની આવડત જ ગણાય; જિગર શાહ, વિપુલ દેસાઈ, જયદી, અંકિત દેસાઈ, નિશીથ, પ્રદીપ, રોકન, અંકિત, હેત અને આદિત્ય આ સૌ સાથે મળીને પોળનું આખુંયે વાતાવરણ ઊભું કરી મૂકે છે. અમુક સંવેદનશીલ વન લાઈનર અચાનક આવીને પાંપણ ભીંજવી જાય છે! આજના આ પ્રેક્ટીકલ યુગમાં ઈમોશનલથી ભરપૂર આ નાટક જોવાનું ચૂકતા નહિ !

**Last Seen :**

**વારતા સમજી અમે થોડુંક મલકાતાં રહ્યાં, ને અહીં નાટકની માફક અંક બદલાતાં રહ્યાં.**

- ડો. મુકેશ જોષી

- nehalgadhavi101@gmail.com

# મિલકત બક્ષિસ (ગિફ્ટ) અંગેની સામાન્ય જોગવાઈઓ

જમીન-મિલ્કત ખરીદ-વેચાણનાં વ્યવહારોની જેમ જમીન-મિલકતને બક્ષિસ કરવી, ગિફ્ટ કરવી, આ મુજબનાં વ્યવહારો પણ આજનાં સમયમાં ખૂબ વધૂ પ્રમાણમાં જોવા મળી રહેલ છે. તેમાં પણ ખાસ કરીને કુટુંબનાં સભ્યો વચ્ચે જમીન મિલકત બક્ષિસ કરવાનાં કિસ્સાઓ વધુ જોવા મળે છે. પિતા પોતાની દિકરીને યા પોતાના પુત્રને બક્ષિસ કરે યા દાદા-દાદી પોતાના પૌત્રો-પૌત્રીને બક્ષિસ કરે તેનો સમાવેશ આવા કિસ્સાઓમાં થાય છે. મિલકત તબદીલી અધિનિયમની કલમ-૧૨૨ મુજબ બક્ષિસ એટલે દાતાએ સ્વેચ્છાપૂર્વક અને અવેજ વગર આ દાતાને કરેલી અને તેણે અથવા તેના વતી કોઈ વ્યક્તિએ સ્વીકારેલી અમુક વિદ્યમાન જંગમ અથવા સ્થાવર મિલકતની તબદીલી એટલે બક્ષિસ, પરંતુ બક્ષિસમાં સ્વીકાર થયેલો હોવો જરૂરી છે અને આવો સ્વીકાર દાતાની હયાતીમાં અને મિલકત આપવા માટે તે સમર્થ હોય તે દરમિયાન થયેલો હોવો જરૂરી છે અને બક્ષિસનો સ્વીકાર થયા પહેલા જો દાતા મૃત્યુ પામે, તો બક્ષિસ રદબાતલ ગણાય.

મિલકત તબદીલી અધિનિયમ, ૧૮૮૨ની કલમ-૧૨૩ મુજબ સ્થાવર મિલકતનાં બક્ષિસ કરવા માટે તબદીલી, દાતાએ અથવા તેનાં વતી કોઈ વ્યક્તિએ સહી કરેલા અને ઓછામાં ઓછા બે સાક્ષીઓએ સાખ કરેલા અને રજીસ્ટર કરેલા લખાણથી જ કરવી પડશે.

જંગમ મિલકતની બક્ષિસ કરવા માટે તબદીલી ઉપર જણાવ્યા પ્રમાણે સહી કરેલા અને રજીસ્ટર્ડ કરેલા લખાણથી અથવા ડિલીવરી આપીને કરી શકશે. એવી ડિલીવરી વેચેલા માલની ડિલીવરી આપવામાં આવે એ પ્રમાણે આપી શકશે.

## મિલકત તબદીલી અધિનિયમ, ૧૮૮૨ની કલમ-૧૨૬ની સમજૂતી

પરંતુ વિદ્યમાન અને ભાવી મિલકત બંનેની બક્ષિસ કરવામાં આવી હોય તો ભાવી મિલકત પૂરતી તે બક્ષિસ રદબાતલ છે તેવી જોગવાઈ કલમ-૧૨૪માં કરવામાં આવેલ છે. એવી જ રીતે બે કે વધુ દાતાઓને કોઈ વસ્તુની બક્ષિસ કરવામાં આવી હોય અને તેમાંનો એક તે બક્ષિસનો સ્વીકાર નહી કરે ત્યારે તેણે તે બક્ષિસ સ્વીકાર કર્યો હોય તે મેળવી શકયો હોય તો હિત પૂરતી તે બક્ષિસ રદબાતલ છે તેવી જોગવાઈ કલમ-૧૨૫માં કરવામાં આવેલ છે.

મિલકત તબદીલી અધિનિયમ,૧૮૮૨ ની કલમ-૧૨૬ મુજબ દાતા અને આ દાતા એવી કબૂલાત કરી શકશે કે દાતાની ઈચ્છા ઉપર આધાર રાખતો ન હોય એવો કોઈ નિર્દિષ્ટ બનાવ બને તો બક્ષિસ મોકૂફ રહેશે અથવા રદ થશે પણ જે બક્ષિસ અંગે પક્ષકારો એવી કબૂલાત કરે કે ફકત દાતાની ઈચ્છાથી પૂરેપૂરી અથવા અંશતઃ રદ કરી શકશે તો તે બક્ષિસ, યથાપ્રસંગ પૂરેપૂરી અથવા અંશતઃ રદબાતલ ગણાશે.

બક્ષિસ જો કરાર હોત તો (અવેજનાં અભાવ કે તેની નિષ્ફળતા સિવાયનાં) જે દાખલામાં તે કરાર રદ કરી શકાત તો દાખલામાં પણ તે રદ કરી શકાશે.

ઉપર જણાવ્યા પ્રમાણે હોય તે સિવાય, બક્ષિસ રદ કરી શકાય નહિ. જાણ વિના અવેજસર તબદીલીથી મેળવનારાઓના હકકને આ કલમનાં કોઈપણ મજકૂરથી અસર પહોંચે છે એમ ગણાશે નહી.

મિલકત તબદીલી અધિનિયમ, ૧૮૮૨ ની કલમ-૧૨૭માં બોજાવાળી બક્ષિસોની જોગવાઈ કરવામાં આવેલ છે. આ જોગવાઈ મુજબ કોઈ બક્ષિસ એક જ વ્યક્તિને કરી આપેલી એક થી વધુ વસ્તુઓની એક જ તબદીલી રૂપે હોય અને તેમાંથી એક વસ્તુ ઉપર કોઈ જવાબદારીનો બોજો હોય અને બીજી ઉપર ન હોય ત્યારે આ દાતા જો તે બક્ષિસ પૂરેપૂરી સ્વીકારે નહી તો તે કંઈપણ મેળવી શકે નહી.



કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

કોઈ બક્ષિસ એક જ વ્યક્તિને કરી આપેલી કેટલીક વસ્તુઓની જુદી જુદી અને સ્વતંત્ર એવી બે કે તેથી વધુ તબદીલીઓ રૂપે હોય ત્યારે આ દાતા સ્વીકારે તે બક્ષિસ ફાયદાકારક અને ન સ્વીકારે તે બોજાવાળી હોય તો પણ આ દાતાને તેમાંની એક સ્વીકારવાની અને બીજી ન સ્વીકારવાની છૂટ છે.

કરાર કરવાની ક્ષમતા ન ધરાવતો આ દાતા જવાબદારીનાં બોજાવાળી મિલકત સ્વીકારે તો સ્વીકાર કરવાથી તે બંધાતો નથી પણ કરાર કરવાની ક્ષમતા ધરાવતો થયા પછી અને સદરહું જવાબદારીની જાણ સાથે જો આપેલી મિલકત પોતે રાખે તો એ પ્રમાણે બંધાય છે.

પરંતુ દાતાએ તમામ મિલકત બક્ષિસ આપી હોય ત્યારે કલમ-૧૨૭ની જોગવાઈઓને આધીન રહીને બક્ષિસ કરતી વેળા દાતા પાસે લેણાં થતાં તેનાંજ તમામ દેવા અને તેની જવાબદારીઓ માટે બક્ષિસવાળી મિલકત પૂરતો આ દાતા જાતે જ જવાબદાર છે તેવી જોગવાઈ કલમ-૧૨૮માં કરવામાં આવેલ છે.

પરંતુ મિલકત તબદીલી અધિનિયમ,૧૮૮૨ ની કલમ-૧૨૯માં મૃત્યુ સમયે કરેલા દાનનો (જંગમ મિલકતોની બક્ષિસો) ને અને મુસ્લિમ કાયદાનો અપવાદ આપવામાં આવેલ છે. આ મુજબ મૃત્યુ સમયે કરેલી જંગમ મિલકતોની બક્ષિસોને આ કાયદાના કોઈપણ મજકૂરને સંબંધ નથી. તેમજ સ્થાવર મિલકતની બક્ષિસોને લગતી કાયદાની જોગવાઈઓ મુસલમાન બક્ષિસોને લાગુ પડતી નથી. આથી આવી બક્ષિસની નોંધણીનો પ્રશ્ન કે તેનાં પર સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

બક્ષિસ લેખ કરતા પહેલા કોન્ટ્રાકટ અને રજીસ્ટ્રેશન એકટની જોગવાઈઓમાં જણાવેલી હકીકતોનું ધ્યાન રાખવાનું હોય છે, તેમજ બક્ષિસ લેખને ફરજીયાત રજીસ્ટ્રેશન કરાવી તેમા મિલકતની આકારણી પર રજીસ્ટ્રેશન એકટ, ૧૯૦૮ મુજબ લાગુ પડતો સ્ટેમ્પ ભરી સબ રજીસ્ટ્રાર કચેરીમાં નોંધાવવું ફરજીયાત છે.

સગા-વહાલાઓમાં કરાતા અંદરોઅંદર ગીફટ ડીડને મિલકતની આકારણીનાં ૩.૫% સ્ટેમ્પ ડયુટી લાગે અને જે અન્ય સંબંધમાં ૪.૯૦% સુધી રજીસ્ટ્રેશન સ્ટેમ્પ ડયુટી ભરવી પડે છે. સ્ત્રીઓને આપવામાં આવતી ગીફટ ડીડમાં ૧% રજીસ્ટ્રેશન ફી માફ કરવામાં આવે છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
www.trivediassociates.in